સબરસ
વેસ્ટર્ન ટાઈમ્સ
અર્ધ સાપ્તાહિક પૂર્તિ

# વૈશ્વિકરણ, સાર્વજનિક ધનસંપત્તિ અને તેના સાધનો ખાનગી લાભમાં બદલવાનું હથિયાર ન બની જાય તે જોજો

ન્યુરો સર્જનમાંથી સન્યાસી બનેલા અને વર્ષો પહેલાં નેધરલેન્ડ (યુરોપ) જઈ ત્યાં હોસ્પિટલ, અનાથાશ્રમ, વૃધ્ધાશ્રમ, બ્લડ બેન્ક જેવી સેવા સંસ્થાઓ સ્થાપી ચલાવીને સેવા અને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં લોકપ્રિય બનેલા અને જેમના ફોટાવાળી ૧૮ દેશોને ટપાલ ટીકીટ છાપેલ અને બહાર પાડેલ છે. એવા શ્રી સોહનબાબા આ વખતના શિવરાત્રીના મેળામાં આવેલા અને લોક આકર્ષણનું કેન્દ્ર બનેલ હતા. યુરોપના નેધરલેન્ડમાં આટલા લોકપ્રિય બનેલા શ્રી સોહનબાબાએ બંન્ને સંસ્કૃતિઓના અનુભવે લોકોને અપીલ કરતાં જણાવેલ કે પશ્ચિમી સંસ્કૃતિ પાછળના ઘેલ છોડીને ભારતના આધ્યાત્મિક અને પરોપકારના માર્ગ તરફ વળે. પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણ વિશે જણાવેલ કે ભારત માટે એક જ માર્ગ છે, વિકલ્પ છે. બેક ટુ ઘી રિયાલીટી એટલે કે (વૈદીક સંસ્કૃતિ તરફ પાછા ફરો) આજે સોહનબાબા ની ખુબ જ વિચારણીય એટલા માટે છે. ૨૦ વર્ષના વૈશ્વીકરણના સારા-નરસા અનુભવો આપણી નજર સામે છે.

છેલ્લા બે દસકાથી પશ્ચિમીકરણના કારણે આધુનિકતા અને વિકાસના નામ પર આપણા પુરા દેશ અને પુરા સમાજ પર તરફ-તરફના નવા હુમલાઓ થતા રહ્યાં. હુમલા પહેલા પણ થતા હતા પણ આજના નવી જાતના હુમલાઓમાં મોટો ફરક છે. અગાઉના હુમલાખોર દુસ્મનો ઓળખાતા હતા એટલે એની સામે લડી શકાતું હતું. આજે આપણા પર જે હુમલાઓ થઈ રહ્યાં છે. તે હુમલો કરનાર ઓળખી શકાતા નથી ? એમાંથી મોટા ભાગના આપણાં અંદરના જ લોકો હોય ? આપણા જ માણસો હોય છે. એટલે આ છળકપટને પહોંચવું તેની સાથે લડવું બેહદ કઠીન કામ છે.

એક સમય હતો કે જ્યારે સમાજ પોતાના પ્રશ્નો, સમસ્યાઓ હળીમળીને હલ કરી શકતા હતા, પણ સ્વાવલંબનનો એ દોર તુટ્યો અને રાજ્યની દખલ વધતી થઈ અને એવો સમય આવયો કે રાજય એ પોતાની કેટલીક જવાબદારીઓ (મહત્વની જવાબદારીઓ) ખાનગી હાથોમાં સોંપવા માંડ્યાની સ્થિતિ સર્જાતી જાય છે. એટલું જ નહીં પણ આ નવા દોરમાં રાજ્ય અને ખાનગી ક્ષેત્ર, સમાજના સાધનોને જ અડત કરવા માંડ્યાની સ્થિતિ સર્જાતી જાય છે. અને એવા એ હુમલાનું નામ છે, પી.પી.પી. એટલે કે 'પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ' (નીજી-જન ભાગીદારી) જો કે આમા સીધી લોકોની કોઈ ભાગીદારી હોતી નથી. ઉપર ઉપરથી એવુ દેખાઈ રહ્યું છે કે આપણા ભલા માટે આપણા રોજબરોજના દુ:ખોને સુખમાં બદલવા માટે છે. પણ વાતસ્વમાં આપણી સાર્વજનિક મુડીને ખાનગી લાભમાં બદલવાનું એક નવું હથિયાર છે. આ બાબત જરા ઉંડાણથી સમજવી જરૂરી છે.જગતના ખાસ કરીને પશ્ચિમ જગતના ધનવાનોએ પોતાના નાણાં જગતભરમાં ફરતા-કમાતા કરવા વિશ્વ બેંક વગેરે જેવી આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ અને વિવિધ એજન્સીઓ સ્થાપી ત્રીજી દુનિયાના વિકાસશીલ દેશોની સરકારોને લોનો-ધિરાણ-આપી નાણાં ફરતા-કમાતા કરવાની સાથે સાથે ધીરેલા નાણાંની સલામતી માટે આ દેશોમાં - વેપાર-ઉદ્યોગના નામે આ ધનવાનોની બહુરાષ્ટ્રીય કંપનીઓ. દુનિયાભરમાં પોટ્રચી ગયેલ. જગતની ૪૦૦૦ બહુરાષ્ટ્રીય કંપનીઓમાંથી સૌથી મોટી ૨૦૦ કંપનીઓ આજે વિશ્છના અર્થતંત્ર પર સીધો અને રાજતંત્ર પર આડકરતો કાબુ ધરાવે છે. વિશ્વ બેંક વગેરે આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ દ્વારા ગરીબ વિકાસશીલ દેશોને જે ધિરાણો અપાયછે તેની શરતોમાં ખાનગીકરણને ખાસ પ્રોત્સાહન આપવાનો આગ્રહ રખાતો હોય છ. જેથી સાર્વજનિક ધન-સંપત્તિ અને તેના સાધનો ખાનગી લાભમાં પ્રેરી શકાય, બદલી શકાય.

ઉદારીકરણ-વૈશ્વિકરણની શરૂઆતના ૯૦ના દશકામાં ખાનગીકરણનો દોર ચાલેલ જેમાં જગતના ૨૩ દેશોમાં પાણી-પુરવઠો, જાહેર આરોગ્ય વગેરે જેવી સામાજીક સેવાઓની ૩૭ પરિયોજનાઓ (પ્રોજેક્ટો) ખાનગીકરણ કરાયેલ પછી કંપનીઓ એ પાણી ફી, સર્વિસ ફી, વગેરેમાં મોટા વધારા કરી દીધેલ, તેમજ નબળા સેવા, શરતોનો ભંગ અને ભ્રષ્ટતા જેવા કારણોના લીધે લગભગ બધી જગ્યાએ લોકોના ભારે વિરોધના કારણે આ પ્રોજેક્ટોનું ખાનગીકરણ નિષ્ફળ ગયેલ અને જગતમાં આ ખાનગીકરણની પધ્ધતિ ના લોક વિરોધ અને લોક અસ્વીકારના લીધે ખાનગીકરણ આગળ વધારવું મુશ્કેલ બનેલ. એટલે વિશ્વ બેંકે ધીરાણની રણનીતિમાં પરિવર્તન કર્યુ અને યેનકેન પ્રકારે જુદા સ્વરૂપે પણ ખાનગીકરણ આગળ વધારવા.

મે. ૨૦૦૯માં જીનીવા ખાતે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ મળેલ અને તેમાં ખાનગીકરણના વિરોધને ટાળવા નીજી-જનભાગીદારીની જનભાગીદારીની છેતરામણ છાપ ઉપસાવતી. પી.પી.પી. પધ્ધતિ એટલે પબ્લીક-પ્રાઈવેટ-પાર્ટનરશીપ (આડકતરા ખાનગીકરણ) પધ્ધતિને અમલી બનાવી અને તેને પુરતું પ્રોત્સાહન આપવા આંતરરાષ્ટ્રીય નાણા સંસ્થા, એજન્સીઓ અને સરકારોએ સક્રીય સહયોગ આપવાનું નક્કી થયેલ. આ બેઠકમાં ભારત સહિતનાં અનેક દેશોની સરકારોના પ્રતિનિધિઓ પણ હતા. અને ત્યારથી પીપીપીને આગળ વધારવા પ્રક્રિયા તેજ બનેલ.

એપ્રિલ-૨૦૧૧ની સ્થિતિ જોઈએ તો કેન્દ્રીય નાણા ખાતાની વેબસાઈટ મુજબ ભારત સરકારમાં કુલ ૬૯૦ પી.પી.પી. પરિયોજનાઓ નોંધાયેલ હતી. જેમાં સડક-રોડ ક્ષેત્રની ૩૭૧, ઉર્જાની ૪૬, પોર્ટ બંદરની ૫૬, શહેરીવિકાસ ની ૧૩૧, એરપોર્ટની ૫, રેલ્વેની ૪, શિક્ષણક્ષેત્રની ૬, આરોગ્યની ૩ અને જલક્ષેત્રની ૩૦ પરિયોજનાઓ છે. રૂા. ૩,૩૫,૪૫૩ કરોડમાં ખર્ચની આ પરિયોજનાઓ ઉપરાંત રાજ્યો હસ્પની પીપીપી પરિયોજના હોવાની દાખલા તરીકે ગજરાતમાં પાણ પુરવઠાની ૩૦, રોડ-રસ્તાની ૩૦, ઉર્જાની ૧૬, પોર્ટ-બંદરની ૪૨, સહિત લગભગ સવાસો જેટલી પીપી યોજનાઓ (પ્રોજેક્ટો) નોંધાયલા છે. આમ ભારતમાં પીપીપી પ્રોજેક્ટો પ્રાધાન્યતા આપતી હોવાનં આના પરથી જોઈ શકાય છે.

જગતના વિકસીત અને વિકાસશીલ બધા દેશોમાં ખાનગીકરણની વિવિધ પધ્ધતિ અને રૂપો સામે ખૂબ જ રોષ પૂર્ણ લોકવિરોધ જગતભરમાં ઉઠતો રહ્યો છે. જેમણે પીપીની રાજનૈતિક આર્થિક છેતરામણી ખુલ્લી પાડી છે. અને વિકાસ માટે જરૂરી માળખાકીય વ્યવસ્થાઓ માટે પીપીપીની કોઈ અનિવાર્યતા ન હોવાની છાપ પણ જન્માવી છે.

પશ્ચિમિ ધનવાનોના પ્રભુત્વવાળી વિશ્વ બેન્ક વગેરે આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ, વિવિધ વૈશ્વિક એજન્સીઓની પાણી, ઉર્જા, પ્રવાસન, સ્વાસ્થ્ય, શિક્ષણ વગેરે સાર્વજનિક ક્ષેત્રના બધા સમસ્યાઓનાં ઉકેલ માટેનો રામબાણ ઈલાજ ખાનગી ક્ષેત્ર હોવાની રાખેલી ધારણાઓ વીસ વર્ષના અનુભવે ત ધારણાઓ ખોટી પડી છ. આ સમસયાઓ તો વિકટ જ બનતી રહી છે.

ખુબ જ ચાલાકી અને ચતુરાઈપૂર્વક રજુઆતોમાં આર્થિક, સામાજીક અને પાણી-પર્યાવરણ વગેરે સંબંધી જરૂરી માળખાકીય વ્યવસ્થા ઉભી કરવા અને ચલાવવા માટે સાર્વજનિક ધનની ખુબ જરૂરિયાત હોવાનો માહોલ સર્જવામાં આવતો હોય છે અને પછી સાર્વજનિક નિર્માણના કામોઅ ને પાણી પુરવઠા જાહેર આરોગ્ય, શિક્ષણ, વગેરે જેવી સામાજીક સેવાઓને પી.પી.પી. નીજી જનભાગીદારીના રૂપમાં ખાનગી ક્ષેત્રને સોંપી દેવાતા હોય છે.

આ પી.પી.પી. પધ્ધતિ સરકાર અને ખાનગી કંપનીઓ વચ્ચેની ભાગીદારી (કરારી સંબંધ) હોય છે. આથી કોર્પોરેટ ક્ષેત્ર અને સરકારી નોકરશાહો પરની નિર્ભરતા વધતી હોય છે. જે ચિંતા જન્માવનારી પણ બની શકે છે.

લોકશાહીમાં સાર્વજનિક ધન, સંપત્તિ અને સાધનોને ખાનગી લાભમાં બદલાવનારી કોઈ પણ પધ્ધતિ આખરે તો આમ લોકોમાં હતાશા-નિરાશા અને અશાંતિ અંધાધુંધી ને જન્મ આપનારી પણ બની શકતી હોય છે. કાળઝાળ મોંધવારી ભયાનક ભ્રષ્ટાચાર, અતિ આર્થિક અસમાનતા અને શોષણ આવી પધ્ધતિઓના કારણે જ જન્મતા વિકસતા હોય છે, એવું તમને નથી લાગતું ?

**લેખક: શામજીભાઈ આંટાળા**

# લેઉઆ પાટીદાર સમાજના કેટલાક સંતો

ગતાંકનું ચાલુ

## પૂ. ધના ભગત

શ્રી ધના ભગતનો જન્મ સં.૧૭૯૫ (ઈ.સ.૧૭૩૯)માં ધોળા ગામમાં કણબી જ્ઞાતિના કાકડિયા કુળમાં થયો હતો. પિતા હરિભગત અને માતા લાડુબાઈ ભક્તિપરાયણ હતા. ધનાભગત નાનપણથી જ શાંત, નિર્મળ, ભોળા અને વિશ્વાસુ સ્વભાવના હતા. એમને ઈશ્વર પ્રત્યે અખૂટ શ્રધ્ધા હતી. સાત વર્ષની ઉંમરે તેઓ ભજન કીર્તનમાં તાલ આપી પ્રભુમય બી જતાં.

આમને આમ ભક્તિ કરતા ધનાની ઉંમર ૨૦ વર્ષની થઈ. મોટા ભાઈને ખેતીમાં મદદ કરવા લાગ્યા. પિતા હરિભગત સ્વધામ સિધાવ્યા પછી તેનો નિત્યક્રમ ધનાએ જાળવી રાખેલો. સાંજે ખેતરથી આવ્યા પછી ચોરે પૂજાપાઠ કરવા જતાં, પ્રભુની માળા જપતાં. કોઈ સાધુ સંત આવે તેમની સેવા, ચાકરી અને જમવા-સુવાની વ્યવસ્થા જાતે કરતા દિન-પ્રતિદિન ધના ભગત પ્રભુ સ્મરણમાં લીન રહેવા લાગ્યા. મોટાભાઈ રામભાઈ ધના ભગતના ધર્મ પત્નિ ગંગાભાઈને આણું તેડી લાવ્યા. પણ ધના ભગતનું મન પ્રભુ સ્મરણ અને સંત સેવામાં જ રહેતું. ગંગાબાઈ પણ ધર્મ પરાયણ હતા. પતિ-પત્ની ભક્તિ રંગે રંગાઈ ગયા. ક્યાંય પણ ભજન-કિર્તન કે સત્સંગ હોય, ત્યાં ધના ભગત પહોંચી જતાં. આમ થતાં કોઈકવાર ધના ભગત ખેતી કે ઘર વ્યવહારમાં પૂરું ધ્યાન આપી શકતા નહી. તેથી મોટાભાઈનો ઠપકો પણ સાંભળવો પડતો પણ ભક્તિ રંગે રંગાયેલા ધનાભગતને એક પરમ ગુરુની ખોટ સાલતી હતી.

એક દિવસ પંચાળના દાદુભગત ધનાભગતની ડેલીએ પધાર્યા. ભગતની આગતા સ્વાગતા અને સ્નેહભાવથી ભીંજાઈ દાદુભગત રોકાઈ ગયાં. ધના ભગતે દાદુભગતને મનોમન ગુરુ માની લીધા. પૂ.કાસમબાવાની આજ્ઞાથી દાદુભગતે ધનાને શિષ્ય બનાવ્યો. અને દીક્ષા આપી. ધનાભગત ગુરુની અને જગ્યાની ચાકરીમાં લાગી ગયા. આમ ને આમ કેટલાંક વરસ વીતી ગયા. ધના ભગતની ભક્તિ પાકી થતી ગઈ. પ્રભુકૃપાથી તુંબડામાંથી ઘઉં નીકળ્યા. વાયુવેગે વાત પ્રસરી લોકો ધોળા આવવા લાગ્યા અને ધનાભગતની વાડીએ મેળો જામ્યો. ગામલોકોએ ધનાભગતના શોભતા સામૈયાની તેયારી કરી. પાળિયાદના ભક્ત શિરોમણી વિસામણ બાપા ધોળા આવ્યા અને આજથી ધોળા ગામ ''ધનાભગતના ધોળા'' તરીકે ઓળખાશે એવા આશીર્વાદ આપ્યાં.

ભાલપંથકમાં રંગપર ગામે ગામ સમસ્ત સંત મેળો ગોઠવ્યો હતો. ધનાભગતને રસોડાના કામમાં આગેવાની સોંપી. માનવલોક, સંતો-મહંતો મળી હજારેક માણસનો અંદાજ મૂકાયો. પણ સંતોના દર્શને બે હજારની માનવમેદની ભેગી થઈ. ધના ભગત રસોડામાં ગણપતિ અને મા અન્નપૂર્ણાની સ્તુતિ કરી, ''હે પ્રભુ, હે મા અન્નપૂર્ણા મને આ કામ સોપાયું છે તો મારી લાજ રાખજો.'' સ્તુતિ કરી ધનાભગતે કહ્યું આ લાડુની ઉપર કપડું ઢાંકી જો. કપડું ઢકાયું અને ડોલ લાડવા માંડ્યા આપવા. સૌએ ભરપેટ જમી લીધું. તોય લાડુ તો વધ્યા. સૌ અચરજભરી રીતે આ કૌતુક જોઈ રહ્યાં. ધનાભગતનો જયજયકાર વર્તાયો.

ધનાભગતનું જીવન નિર્મળ હતું. મનમાં કોઈ ઊંચનીચનો ભેદભાવ ન હતો. ધનાભગત સૌને પોતીકા માને. ધના ભગતે હરિજનવાસમાં કીર્તન કરેલાં અને લાલશાપીરની ભાઈબંધી કરી એનું સ્મારક બનાવેલું.

પાળીયાદના પીર વિસામણબાપુની મહેમાનગતિ કરેલી અને માણેલી. ભરવાડના ભગત નગા લાખાના બાપા સાથે મોજભરી જ્ઞાનગોષ્ઠી કરેલી. આજે ધના ભગતની જગ્યામાં સર્વ કોમનાં લોકો ભાવથી આવે છે. લાલશાપીરની દરગાહે આવતા મુસ્લિમો ધનાભગતના મંદિરે જરૂર આવે છે.

હવે ધના ભગતનો સમય પ્રભુ ભજન અને સાધુ-સંતોની સેવામાં વીતવા લાગ્યો. ધનાભગત ભક્તિમાં ઉંડા ઉતરતા ગયાં. ભગતનું એક સ્વપ્ન હતું કે પોતાને આંગણે શ્રી રામજી મંદિર બાંધી યથાયોગ્ય ભક્તિ સાધના કરવી. ત્યાં ચલાલા ધના ભગતે સંત મેળાનું વાયક પાઠવ્યું. ગુરુ દાદુભગતની સાથે તેઓ ચલાલા જવા નીકળ્યા. ત્યાં ધનાભગતે હૃદયપૂર્વક નમસ્કાર કરી ધોળામાં રામજી મંદિર બાંધવાની ઈચ્છા વધાવી લીધી અને સૌ એ વખતે ધોળા આવશે તેવું વચન આપ્યું. ધનાભગતની ભક્તિપરાયણતા, નમ્રતા અને નિર્મળતા જોઈ વિસામણ બાપુએ ભાદરવા સુદ બીજે આપણે સંત મેળો ભરવો છે અને કમખિયાના મેળામાં બાવનગજની ધજા ધના ભગતના હાથે ચડાવવી છે. ધનાભગતે વચન આપ્યું.

ધનાભગતની નામના ચોમેર પ્રસરી. તોય ગામમાં જ કેટલાક નીંદાખોરો તેમની નીંદા કરે. તેમની ભક્તિના માર્ગમાં બાધા નાખ્યા કરેં, પણ ભગતને એની જરાય પરવા નથી. ભગત તો જ્યાં ભજન ત્યાં પ્રભુની લીલામાં લીન રહેવા લાગ્યા. મનમાં વૈરાગ્ય દૃઢ થતો જાય છે. જીવનમાં નિર્મળતા અને સાદગી, સત્સંગ અને સેવા, આ સિવાયની તમામ વસ્તુઓ ઉપરથી ધનાભગતનું મન ઉઠી ગયું. સવાર સાંજ રામધૂન, સત્સંગ, સાધુ-સંતોની સેવા કરવા લાગ્યા.

પાળિયાદથી પીર વિસામણ બાપુનું સંત મેળાનું વાયક આવ્યું. ધનાભગત પાળિયાજ જવા નીકળ્યા. ધના ભગતને આવતા જોઈ સંતો આનંદ વિભોર બની ગયા. કમખિયાનો મેળો ભરાયો. પંચાલ સહિતના પ્રદેશોમાંથી માનવ મેદની ઉમટી પડી. ધનાભગતના હાથે વાવાટો ચડાવવાનો હતો. ધના ભગતે વાવટો હાથમાં લઈ રામદેવપીરની સ્તુતિ કરી અને વાવટાનો ઘા કર્યો. બાવન ગજનો વાવટો આપોઆપ ચડી ગયો.

''બાવન ગઝનો વાવટો નભ મંડળ લહેરાય,
ધન્ય ધના ધોળા તણા, નામ અમર થઈ જાય.''

હવે ધના ભગતને લાગ્યું કે કામ પુરુ થયું છે અને કામ પુરુ થયા પછી નીકળી જવું જોઈએ. અને ભગતે સમાધિ લેવાનું જાહેર કર્યું સંત મેળો થયો. સંત પુનિતના આશીર્વાદ લઈ સંવત ૧૯૦૧ ની અષાઢ સુદ પાંચમને ગુરુવારે ધનાભગતે જીવતા સમાધિ લીધી.

*'આપણાં સંતો' ટાઈટલ હેઠળ ડો.આર.ટી.સાવલીયા અને ભીમજીભાઈ નાકરાણીએ પાટીદાર સમાજમાં જન્મેલા સંતોના જીવન અને બોધ વિશેની એક નાની પુસ્તિકા તૈયાર કરી છે. જેની વેસ્ટર્ન એગ્રી સીડ્સના ગતિશીલ ઉદ્યોગપતિ શ્રી નારાયણભાઈ પટેલે સ્પોન્સરશીપ કરી છે. પાટીદાર સમાજમાં જન્મેલા એવા સંખ્યાબંધ સંતોમાંથી ઘણાના નામો જાણીતા છે. પરંતુ યુવાન પેઢીને તેમના વિશે ખાસ માહિતી હોવાનો સંભવ નથી. આ સંતો વિશેની માહિતીને સંકલિત કરીને જે પુસ્તિકા પ્રસિદ્ધ થઈ છે તેને આ કટારમાં પ્રસિદ્ધ કરવામાં અમને ગૌરવ છે. અમને આશા છે કે, વિશાળ પાટીદાર સમાજ અને અન્ય સમાજો પર આ મહાન સંતોના જીવન અને તત્વજ્ઞાન જાણવાનો લાભ લેશે.*

***-તંત્રી***

ધોળા-ધનાભગતની જગ્યાનો વહીવટ પુત્ર દિયાળ ભગતે સંભાળી લીધો.

ધનાભગતની સમાધિ ઉપર મંદિરનું બાંધકામ ઉપાડ્યું. ધનાભગતના ચરણ પધરાવ્યાં. રામ, લક્ષ્મણ, સીતાજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. સદાવ્રત ચાલતું રહ્યુ. ભક્તિ અને સેવાની જ્યોત આજે ય ધોળામાં ઓજસ પાથરી રહી છે. ધના ભગતનું મીઠું સ્મરણ ભક્તને શ્રધ્ધાળુ અને આસ્થાળુઓને શક્તિ બક્ષે છે.

''વેળું વાવીને તુંબ થ્યાં, રાજી થયા ભગત
રામસાગરો વહેચશું, ભક્તિ કરશે જગત.''

આજે ધોળા ગામમાં ધના ભગતની જગ્યા તેના સ્મારક રૂપે ઊભી છે. પૂ. ધનાભગતની જગ્યા એક સંસ્કાર :ધામ બની રહી છે. અન્નક્ષેત્ર તથા સમાજ સુધારણાની પ્રવૃત્તિ વેગ પકડતી જાય છે. જગ્યાના વહીવટકર્તાઓ સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓ માટે સક્રિય રસ લઈ રહ્યાં છે. સમૂહ લગ્ન જેવા સુધારાવાદી વલણ માટે પ્રેરણા પૂરી પાડે છે. હાલ આ જગ્યાના મહંત શ્રી બાબુભાઈ પૂ. ધનાભગતની પરંપરાને જાળવી રહ્યાં છે.

## શ્રી ઢાંગર ભગત

શ્રી ઢાંગર ભગત લેઉના પાટીદાર જ્ઞાતિમાં જન્મેલા. એમના પત્ની સેજુબાઈ પણ એવા જ સત્સંગી અને સેવાપરાણ હતા. ઢાંગર ભગતનું ગળુ મીઠું ને ભજનો બહુ સરસ ગાઈ શકતા. એમને ઘરે સાધુ સંતોનો મેળો ભરાતો પણ આવક પોતે બે જણા મજુરી કરીને લાવતા તે સિવાય ન હતી. કોઈની મદદ લેતા નહી. સાધુ સેવામાં એકવાર પિપાજી ભગતને તેમના પત્નીના સત્કાર માટે સેજુબાઈની એક માત્ર સાડી વેચવી પડેલી.

# દેશમાં અધિકાંશ વૃધ્ધો ઉપેક્ષિત દારૂણ અવસ્થામાં જીવન વ્યતિત કરી રહ્યા છે !

**એક** સર્વેક્ષણ અનુસાર ઉપભોકતાવાદી કારોબારી સંસ્કૃતિના કારણે અધિકાંશ વૃધ્ધો, બુજુર્ગો દેશમાં ન કેવળ ઉપેક્ષિત રહ્યા છે પરંતુ દારૂણ અવસ્થામાં સબડી રહ્યાં છે. તે સાથે જ ભારતીય કુટુંબ વ્યવસ્થાનો ઢાંચો ટૂટી રહ્યો છે.

આ અંગેના રાષ્ટ્ર વ્યાપી સર્વેક્ષણ અનુસાર દેશના ૬૪૦ જિલ્લાઓમાં વૃધ્ધો બુજુર્ગોને વૃધ્ધાશ્રમોમાં છોડી મૂકવાની ચિંતાજનક રીતે પ્રવૃતિ વધી રહી છે. આશ્ચર્યજનક વાત એ છે કે સરકારની વૃધ્ધાવસ્થા પેન્શન એ ઉંટના મોંમા જીરા સમાન છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારોના નાણાંકીય સહયોગથી ચાલનારા વૃધ્ધાશ્રમોની સામાજિક ઓડિટ પેનલથી તપાસ કરાવવી જોઈએ. આ સર્વેક્ષણમાં ભોગવાદી સંસ્કૃતિમાં યુવા વર્ગ વૃધ્ધ માતા- પિતા વગેરેની સાથે ઉપેક્ષા અને અમાનવીય વ્યવહારની ફરિયાદોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે.



ઉલ્લેખનીય છે કે ભારતની સર્વોચ્ચ અદાલતે તેના ઐતિહાસિક ફેંસલામાં વૃધ્ધ માતા-પિતાની નિરાશ્રિતોની જેમ વૃધ્ધાશ્રમ અને અનાથાલયમાં છોડનારા સંતાનના અધિકાર સમાપનની વ્યવસ્થા આપી છે. દેશના અધિકાંશ બુધ્ધિજીવીઓ અનુસાર ઈસા પૂર્વ આચાર્ય ચાણકયના કાળથી બુઝુર્ગવાર વૃધ્ધને સંચિત જ્ઞાનનો ભંડાર માનવામાં આવે છે. કેમકે વૃધ્ધોના અનુભવ જન્ય જ્ઞાનનો કોઈ વિકલ્પ નથી. પંચતંત્ર અનુસાર વૃધ્ધ વ્યકિત અનુભવજન્ય જ્ઞાન અનુસાર વિદ્વાન હોય છે. વિદ્વાન અને રાજય એક સમાન હોય છે. રાજાનું સન્માન કેવળ પોતાના દેશમાં હોય છે અને વિદ્વાનોનું સન્માન બધા દેશમાં હોય છે.

તેના અતિસ્કિત ઠીક વિપરીત પશ્ચિમી ઉપભોકતાવાદી, ભોગવાદી, કારોબારી સંસકૃતિ દુશ્ચક્રમાં વિશ્વમાં આદર્શ કહેવડાવતી ભારતીય પરિવાર સંસ્થા વિખંડનના મહાચક્રમાં ફસાઈ છે. સર્વેક્ષણનો નિષ્કર્ષ એ છે કે મહાનગરો, શહેરો કસ્બામાં ૯૦ ટકા સંયુકત પરિવારોના વહેંચાઈ ગયા છે. સર્વેક્ષણમાં ચોંકાવનારા રહસ્યોદઘાટન કરવામાં આવ્યું છે કે કામકાજ કરતી મહિલાઓ માટે સંયુકત પરિવાર વિઘટને શિશુ પાલનની જટિલ સમસ્યા પેદા કરી છે. સર્વેક્ષણથી એ રહસ્ય ખુલ્યું છે કે એકલવાયા દંપતિ ભાવનાત્મક મનોવસાદની ભયાનક મુશ્કેલીમાં આવી રહ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે સંતાનને કર્જ લઈને અથવા સમગ્ર જમામૂડી ખર્ચીને ઉચ્ચ શિક્ષણ અપાવનાર સંરક્ષક ઉંમરના અંતિમ પડાવ વૃધ્ધાવસ્થામાં ઠગાયા હોવાનો અનુભવ કરે છે. સર્વેક્ષણમાં એવું જાણવા મળ્યું છે કે ૨/૩ યુવાઓ ઉંચી નોકરીઓમાં પહોંચ્યા બાદ માતા-પિતા સાથે અંતર બનાવે છે. એવામાં મધ્યમ વર્ગીય, ઓછી આવકવાળા વર્ગના સંરક્ષકોની સ્થિતિ અનાથાલયના જીવનની પણ દૂરવાર છે આ રીતે ગામો-કસ્બાથી શીર્ષ પર છાપેલા અધિકારોના સંરક્ષકોની સ્થિતિ બદતર બની ગઈ છે તેમની સાર્વજનિક રૂપે નવ સંસ્કૃતિવાન યુવાનો સ્વીકારવા પણ ઈચ્છતા નથી. પરિણામે એવા વધુ શહેરો કસ્બા અને ગામોમાં એકાંત જીવન ગુજારવા માટે વિવશ બન્યા છે એ અલગ વાત છે કે સામાજિક સ્થિતિને કારણે એકાકી વૃધ્ધો આ વ્યથાને ઉજાગર કરી રહ્યા નથી.

આ સર્વેક્ષણનો નિષ્કર્ષ એ છે કે વૃધ્ધોની સમસ્યાને લઈને ભારતીય સમાજ સંક્રમણ કાળમાંથી પસાર થઈ રહ્યો છેત તેમાં વૃધ્ધજનો ત્રિશંકુ બન્યા છે ત્રાસદાયક વાત એ છે કે સામાજિક પ્રતિષ્ઠાના ભયથી ૩/૪ બુઝૂર્ગો ઉપેક્ષા અપમાનના જીવનનું વિષ પીવા મજબુર બન્યા છે.

અધિકાંશ વૃધ્ધજનો તેમની આ દારુણ ગાથામાં અંદર અંદર ઘૂંટાઈ રહ્યા છે. તેમના માટે નિશુલ્ક કાનૂની સહાયતા મૃગતૃષ્ણા બની ગઈ છે દેશના ૭૮ ટકા વૃધ્ધો ઈચ્છે છે તે કેન્દ્ર સરકાર રાજય સરકાર સર્વોચ્ચ અદાલતના વૃધ્ધ પરિજનોને વૃધ્ધગૃહો, અનાથાલયમાં છોડનારા સંતાનોના ઉત્તરાધિકાર સમાપન ફેંસલાનો વ્યાપક પ્રચાર કરે જેથી આર્થિકરૂપે સક્ષમ પુત્ર-પુત્રીઓ તેમના માતા-પિતાને વૃધ્ધાશ્રમ, અનાથાલયમાં છોડી દેવાનું દુસ્સાહસ ન કરે.

# મહેમાનોના સ્વાગત-સત્કાર પાર્ટીનું આયોજન

**મો**ટી પાર્ટી રાખવાની હોય કે નાની, પણ પાર્ટી સમયે યોગ્ય વ્યવસ્થાનો અભાવ હોય, તો પાર્ટી દરમિયાન આયોજકોની ભાગદોડ મચી જાય છે. આ ભાગદોડથી બચવાનો એક જ ઉપાય છે કે, પાર્ટી માટે જરૂરી તમામ ચીજોની વ્યવસ્થા અગાઉથી કરી લેવી.

પાર્ટી માટે જે કોઈ વ્યવસ્થા કરવાની હોય, તેની રૂપરેખા, નાની પાર્ટી માટે ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ અને મોટી પાર્ટી માટે ઓછામાં ઓછા મહિના અગાઉ બનાવી લેવી સૌ પ્રથમ પ્રસંગોની ક્રમવાર યાદી તથા દરેક પ્રસંગ માટે જરૂરી સામાનની યાદી બનાવી લેવી. તે પછી તમે જેટલા મહેમાનોને નિમણંત્ર આપવાના હો, તેમની યાદી બનાવવી તે મુજબ ઉચિત સામાનની વ્યવસ્થા કરવી. જેથી પાછળથી કોઈ સામાન ખૂટે નહી અને તે માટે દોડાદોડ ન કરવી પડે.

'અરે, બધું થઈ પડશે.' કહીને પાર્ટીની વ્યવસ્તા ટાળવી નહીં. પરિવારનાં સભ્યો, સગાં કે મિત્રોને શાકભાજી, દૂધ, મીઠાઈ, બરફ, પીરસનારા વગેરેની અલગ અલગ જવાબદારી સોંપી દેવી. હા, તમે સોંપેલું કામ થાય છે કે નહીં તેની જાણકારી વચ્ચે વચ્ચે મેળવતાં રહેવું અને જાતે પણ નિરીક્ષણ કરતા રહેવું, જેથી પાર્ટી સમયે કોઈ ઉણપ ન વરતાય.આજકાલ 'બુફે' પાર્ટી આપવાનો રિવાજ પ્રચલિત છે. તે માટે ઊભા ઊભા જમવાનું હોઈ તે જગ્યા ખુલ્લી અને વિશાળ હોવી જરૂરી છે, જેથી રસોઈ રાખવાના અને જમવાના સ્થાન વચ્ચે થોડુ અંતર રાખી શકાય.

જો પાર્ટી નાની કે ઘરમાં જ યોજેલી હોય તો ગેસ લાઈટ મીણબત્તીઓ અને માચીસની વ્યવસ્થા કરી રાખવી જોઈએ અને મોટી પાર્ટી હોય તો જનરેટરની વ્યવસ્થા કરવી જોઈએ, જેથી અચાનક લાઈટ જતી રહે તો મહેમાનોને મુશ્કેલી ન પડે.એક ખૂણામાં કે કોઈ અલગ જગ્યા પર એક-બે મોટા ટબ મુકાવી દેવા, જેથી પાર્ટી દરમિયાન ખાતી વખતે ઉપયોગમાં લેવાતાં નેપ્કિન, એઠી પ્લેટો અને ચમચીઓ જ્યાં ત્યાં મૂકવાને બદલે એ ટબોમાં મુકી શકાય એનાથી આ વાસણો તૂટશે નહીં, ગંદકી નહી ફેલાય અને કપડા પણ ખરાબ નહી થાય.

પાર્ટીમાં મહેમાનોના આવતાં પહેલાં જ બધી વ્યવસ્થા થઈ જવી જોઈએ અને એક વાર જાતે જ જોઈ લેવું કે આયોજન મુજબ પાર્ટીની બધી વ્યવસ્થા થઈ છે. કે નહીં, એની પાણી, ઠંડાપીણા, ચા કે કોફી, હળવો નાસ્તો કે સૂકો મેવો વગેરે મહેમાનો સામે ક્યારે ધરવા, એ નક્કી કરી લેવું અને તે માટે ક્યારે ધરવા, એ નક્કી કરી લેવું અને તે માટે બે ત્રણ જણને જવાબદારી સોંપી દેવી, જેથી પાર્ટી દરમિયાન આ ભાગદોડથી યજમાન મુક્ત રહી શકે અને મહેમાનોના સ્વાગત-સત્કાર પર પૂરતું ધ્યાન આપી શકાય.



આ બધુ બરાબર હોય, પણ પાર્ટી જો નિર્ધારિત સમયે શરૂ ન થાય તો તેનો અર્થ નથી. તેથી તે સમય સર શરૂ થાય, એ યજમાન અને મહેમાન બંને માટે ઉચિત છે. જો પાર્ટીની શરૂઆત મોડી કરવામાં આવશે, તો સ્વાભાવિક છે કે મહેમાનોને ઘરે જવાની ઉતાવળ રહેશે. પરિણામે જમતી વખતે ભીડ, ઉતાવળ અને ભાગદોડ થવાના જ.આ ઉપરાંત પાર્ટીની વ્યવસ્થા કરતી વખતે મોસમનું ખાસ ધ્યાન રાખજો. જો ચોમાસુ હોય, તો પાર્ટી ખુલ્લા મેદાનમાં રાખવાને બદલે કોઈ હોલમાં રાખવી. જો ઉનાળો હોય, તો પાર્ટી ખુલ્લા મેદાનમાં રાખવી. મેદાનમાં ઉભા પંખા પણ પુરતા હોવા જોઈએ. આ બધી બાબતોની વ્યવસ્થા અગાઉથી કરી લેવામાં આવે, તો પાર્ટી દરમિયાન કોઈજ ભાગદોડ નહી થાય. સમજી-વિચારીને આયોજન કરવાથી યજમાન તથા મહેમાન બંને સુવિધા, શાંતિ અને આનંદનો અનુભવ કરશે.

**-ઈશિતા-**

# અવનવા આઈસ્ક્રીમ

આઈસ્ક્રીમ બનાવવા માટે અમુક ચીજો ધ્યાનમાં રાખવી ખાસ જરૂરી છે. ફ્રીજને બદલે હાથના સંચામાં આઈસક્રીમ કરવો હોય તો ક્રીમ અડધું વાપરવું ફ્રીજમાં બરફનો થર ન હોવો જોઈએ.

ડબ્બા ચપટા વાપરવા જેથી જલદી સેટ થાય લિક્વિડાઈઝ કરવાથી કણી રહેશે નહીં

ફ્રીજમાં આઈસ્ક્રીમ વિવિધ રીતે પ્રમાણે બનાવી શકાય ક્રીમને બદલે દૂધનો પાવડર વાપરી શકાય. દૂધનો પાવડર વાપરતી વખતે ડબા પરની સૂચનાઓ વાંચી દૂધનો પાવડર વાપરવો. આઈસ્ક્રીમનો માટે પાણીને બદલે દૂધ વાપરવું. દૂધનો પાવડર જૂનો વાપરવો નહીં સંડે આઈસ્ક્રીમમાં દૂધનો પાવડર વાપરવાની સૂચનાઓ આપેલી છે.

વેનિલા આઈસ્ક્રીમ:-

સામગ્રી - ૧ લિટર દૂર, ૧ કપ દૂધનો પાવડર, ૧ ચમચો કોર્નફ્લોર , ૧ ચમચી વેનીલા એસેસ, ૧૨ સમચા સાકર, ૧ ચમચોમાગરીન અથવા, ૧ ચમચી માખણ.

રીત : બે કપ ઠંડા દૂધમાં કોર્નફ્લોર અને મિલ્ક પાવડર ઓગાળવો. બાકીનું દૂધ ગરમ કરવું શાકર અને માર્ગરીન નાંખવું, ગરમ દૂધમાં નાંખી હલાવવું ઊભપો આવે પછી નીચે ઉતારી ઠંડુ કરવું. ગળણીથી ગાળવું. ઠંડુ પડે પચી એસેંસ નાખી, ઢાંકીને ડબ્બામાં બરફના ખાનામાં સેટ કરવું. સેટ થયેલા આઈસ્ક્રીમના ટુકડા કરી લિક્વિડાઈઝ કરવો. પાછા ઢાંકીને સેટ કરવો. લગભગ ૧૨ કલાક થશે.

આ આઈસ્ક્રીમ ક્રીમ વગર થઈ શકશે. આ પ્રમાણે બધા આઈસ્ક્રીમ જુદી જુદી ફ્લેવર સાથે બની શકે. મિલ્ક પાવડર તાજો જોઈએ. વાસી હશે તો વાસ આવશે.

હોલમિલ્ક પાવડર વાપરવો. માર્ગરીનથી આઈસ્ક્રીમ સુવાળો થશે.

એક ટિન મોટુ મિક્સ ફ્રૂટ કોકટેલ, એક પેકેટની સેટ થયેલી સ્ટ્રોબરી જેલના ટુકડા, ૧૦૦ ગ્રામ કાજુના બારી કુટકા, ૧૦૦ગ્રામ અખરોટના બારીક ટુકડા, ૨૦૦ગ્રામ ડબલ વ્હીપ, ક્રીમ (સાકરવાળુ), ૧ સ્લેબ ચોકલેટ ખમણેલી.

## પાટીદાર સમાજ સેવા કેન્દ્ર

વિશાળ પાટીદાર સમાજના ઈતિહાસ, સંસ્કૃતિ, રીતરિવાજો, સિદ્ધિઓ, સંકટો, ધાર્મિક-પ્રવૃત્તિઓ, વિશિષ્ટ વ્યકિતઓ, સામાજીક સંગઠનો વગેરે સમાજને લગતું પ્રસિદ્ધ થયેલું સાહિત્ય, પુસ્તકો વગેરેને એક જગ્યાએ વ્યવસ્થિત સંગ્રહ કરીને જાળવવાનો પાટીદાર સમાજ સેવા કેન્દ્ર પ્રયાસ કરે છે. જે વ્યકિતઓ, સંગઠનો, લેખકો, વગેરે પાસે પાટીદાર સમાજ અંગે પ્રસિદ્ધ થયેલું કોઈપણ સાહિત્ય, પુસ્તક, સંશોધનો, વગેરે હોય તે અમારા આ કેન્દ્રને પહોંચાડવા વિનંતી છે. કૃતિની જે કંઈ કિંમત હોય તે આપવામાં આવશે.

-: સંપર્ક :-

**પાટીદાર સમાજ સેવા કેન્દ્ર**
C/o,વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લી. પ્રા.લિ.
૩૦૧, ત્રીજો માળ, ગાલા આર્ગોસ, હરીકૃપા ટાવર પાછળ,
લેડીઝ હોસ્ટેલ નજીક, એલીસબ્રીજ, અમદાવાદ-૬
ફોન: ૨૬૪૦૨૮૮૦
email:gujarati@westerntimes.co.in

**''વેસ્ટર્ન ટાઈમ્સ''માં પ્રસિધ્ધ થતાં અહેવાલો, લેખો વાચકો અને અન્ય પ્રકાશકો અમારી પરવાનગી વિનાપ્રસિદ્ધ કરી શકે છે. સૌજન્ય દર્શાવાય તેવી અપેક્ષા. આ અંકમાં પ્રસિધ્ધ થયેલી કેટલીક તસવીરો પ્રતિકાત્મક છે. -તંત્રી**